**<u>ફરીયાદી પંકજ ચમનભાઈ ગોઠીની આંક–પ લગત આરોપી તર્ફે ઉલટ તપાસ વિ.વ.શ્રી, એલ.જી.સોનાગ્રા</u>**

**<u>સોગંદ આપ્યા...</u>**

(૪) એ વાત ખરી છે કે મારી ઉપર પંદર થી વીસ ગુના નોંધાયેલ છે. મે આ કામના આરોપી વિરૂધ્ધ હાલની ફરીયાદ સીવાય અન્ય ફરીયાદ કરેલ નથી. મે આ કામના આરોપી વિરૂધ્ધ હાલની નેગો.ઈન્સ. એકટ હેઠળની ફરીયાદ સીવાય આ જ કાયદા હેઠળ અન્ય કોઈ ફરીયાદ કરેલ નથી. એ વાત ખરી છે કે હાલની ફરીયાદ સીવાયનુ કોઈ લેણુ આરોપી પાસેથી મારે નીકળતુ નથી. એ વાત ખરી છે કે આંક–૭ વાળો ચેક એકાઉન્ટ પે ચેક નથી. એ વાત ખરી નથી કે આંક–૭નો ચેક એકાઉન્ટ પે ન હોય જેથી મે મારી આંક–૯ની વૈધાનીક નોટીસ, આંક–૧ની ફરીયાદ તથા આંક–પના સરતપાસના સોગંદનામામા ખોટી હકીકત જણાવેલ છે. એ વાત ખરી છે કે મે હાલના ફરીયાદવાળા ચેકની રકમ ઈન્કમટેકસ ડીપાર્ટમેન્ટમા દર્શાવેલ નથી.

(પ) એ વાત ખરી છે કે મે મારી આંક–૧ની ફરીયાદ અને આંક–પનું સરતપાસનું સોગંદનામુ વાંચેલ છે. એ વાત ખરી છે કે મે આરોપીને ચેક વાળી રકમ કઈ તારીખે કઈ જગ્યાએ અને કયા વારે અને કયા વર્ષમા આપેલ, તેવી વિગત મારી આંક–૯ની વૈધાનીક નોટીસ, આંક–૧ની ફરીયાદ તથા આંક–પના સરતપાસના સોગંદનામામા દર્શાવેલ નથી. એ વાત ખરી છે કે મે આ કામના આરોપી પાસે તેઓને આપેલ રકમની ઉઘરાણી કઈ તારીખે કઈ જગ્યાએ અને કયા વારે અને કયા વર્ષમા આપેલ, તેવી વિગત મારી આંક–૯ની વૈધાનીક નોટીસ, આંક–૧ની ફરીયાદ તથા આંક–પના સરતપાસના સોગંદનામામા દર્શાવેલ નથી.

(૬) એ વાત ખરી નથી કે મે આરોપીને વૈધાનીક નોટીસ આપેલ નથી. મને એ વાતની ખબર

નથી કે આ નોટીસ આરોપીને મળેલ છે કે કેમ. મારી વિરૂઘ્ધ પ્રોહીબીશનના તથા મારામારીના ગુના નોંધાયેલ છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે તેમાંથી બાર ગુનામા કોર્ટે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરેલ છે અને તે સીવાય ના છ કે સાત બાકી છે. એ વાત ખરી નથી કે આંક–૭ના ચેકમા સહી સીવાયની તમામ વિગત મે ભરેલ છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે કમલેશભાઈએ જે દિવસે મારી પાસેથી પૈસા લીધા તે જ દિવસે મને આ ચેકમા વિગતો લખી આપેલો. આ ચેક મને કમલેશભાઈએ નહી પરંતુ બીજી કોઈ વ્યકતીએ આપેલો જેમનુ નામ મને અત્યારે યાદ આવતુ નથી.

સવાલ:– તમને જે વ્યકતીએ ચેક આપેલો તેમનુ નામ અત્યારે યાદ નથી?

જવાબ:– મને કરમશીભાઈએ ચેક આપેલો.

એ વાત ખરી નથી કે હુ અને આરોપી બંને વચ્ચે મિત્રતાના સબંઘ નથી. એ વાત ખરી નથી કે આરોપી મારી સાથે કહેવાતો હાથ ઉછીની રકમનો વહેવાર થયેલ નથી. એ વાત ખરી નથી કે મે આરોપીને હાથઉછીની રકમ રૂપીયા દસ લાખ આપેલ નથી. એ વાત ખરી નથી કે આરોપીએ મારી પાસેથી હાથ ઉછીની રકમ લીઘેલ નથી પરંતુ આરોપીએ મને હાલની ફરીયાદ વાળો ચેક આપેલ નથી. એ વાત ખરી નથી કે મે આરોપી વિરૂઘ્ધ ખોટી હકીકતો ઉભી કરી ખોટી ફરીયાદ કરેલ છે.

સવાલ:– ચતુરભાઈ ભવાનભાઈ કૃષ્ણનગરમા રહે છે?

જવાબ:– હું ચતુરભાઈ ભવાનભાઈને ઓળખતો નથી.

એ વાત ખરી નથી કે હું અને ચતુરભાઈ મિત્ર થઈએ છીએ. એ વાત ખરી નથી કે મે આ બે કોરા ચેક ચતુરભાઈ પાસેથી લીઘેલા. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે હું ચતુરભાઈ ભવાનભાઈને ઓળખતો નથી.

સવાલ:– તમે ચતુરભાઈ પાસેથી બે કોરા સહી વાળા ચેકો લઈને તેનો દુરુપયોગ કરેલ છે?

C.C.No.996/2023

આંક–૫ નુ સાંધણ

જવાબ:– હું ચતુરભાઈ ભવાનભાઈને ઓળખતો નથી, મને કરમશીભાઈએ ચેક આપેલો.

એ વાત ખરી નથી કે મે કાયદેસરનુ લેણુ નીકળતુ ન હોવા છતા ખોટી રીતે ચેક મેળવીને આરોપી વિરૂધ્ધ હાલની ખોટી ફરીયાદ દાખલ કરી તેના સમર્થનમા સોગંદ પર ખોટી જુબાની આપુ છુ.

ફેર તપાસ નથી.

તા.૨૧/૦૧/૨૦૨૬.
હળવદ.
સાહેદ ને મારી રુબરુ જુબાની વાંચી સંભળાવતા
તે ખરી અને કબુલ રાખેલ છે.

મારી રૂબરૂ

**( નિમિષા ગંગારામભાઈ સુરતી )**
એડી. ચીફ.જયુડી.મેજી.કોર્ટ
હળવદ.
કોડ નં.જીજે. ૦૦૭૧૧

**( નિમિષા ગંગારામભાઈ સુરતી )**
એડી. ચીફ.જયુડી.મેજી.કોર્ટ હળવદ.
કોડ નં.જીજે. ૦૦૭૧૧